એક સ્વપ્નું-પારસી સંસ્થાન.

એક સ્વપ્નું—પારસી સંસ્થાન.

મુંબઇ નગરીથી દુરદરાજ એક થડા ખુશનુમા મુલકમા એક નાના પારસી ટોળાને ગાજ કરતો જોઇ મારૂં હૈયુ હરખના આસુથી ઉભરાઇ આવે છે. મુલકના તમામ કારોબાર સાત જરથોસ્તીઓના હાથમા છે. એકના હાથમાં ઇન્સાફ છે, બીજો આવક ખરચ માટે જવાબદાર છે, ત્રીજો સલાહ સંપજ માટે જોખમદાર છે, ચોથો સુખશાંતી માટે જવાબદાર છે, પાચમો ઉદ્યોગ હુન્નરનો વડો છે, છઠ્ઠો કેલવણીનો ઉપરી છે, સાતમો જે છ હાકેમોનો સરદાર છે, તેનું કામ ધર્મની રક્ષા કરવાનું છે. આ સાતમો શખ્સ જે હાકેમોનો હાકેમ છે તે આ સુખી જરથોસ્તી કોમના તમામ મરદ ઓરતોમાં જ્ઞાન, અશોઇ અને પ્રેમમાં સર્વોત્તમ છે. છમાંના દરેક હાકેમ પોતાના કામમા કામેલ અને કુશળ છે. દરેકનો ઓધો અમુક વરસ તકનો નથી પણ જ્યારે ટોળામાંથી કોઇપણ શખસ હાકેમ કરતાં વધુ હુશીયાર માલુમ પડે છે કે તરત તે હાકેમ રાજી ખુશીથી બલકે ઘણીજ વિનંતીથી પોતાના કરતાં પેલા વધુ હુશીયાર શખસને પોતાનો ઓધો આપી પોતે તેના હાથ નીચે કામ કરે છે. દરેક હાકેમના હાથ નીચે ઘણાં માણસો કામ કરે છે. કોઇપણ ખાલી પડેલી જગ્યા માટે નવા શખસને ચુંટી કહાડતી વખતે અમુક કામ માટેની કુશળતા સિવાય બીજી કોઇપણ બાબદ ઉપર ધ્યાન આપવામા આવતું નથી, કારણ આખી કોમ-માંથી આપસ્વાર્થ દૂર થયેલો હોવાથી લોભ, લાલચ, ફરેબ, અદેખાઇ, કીનો, કપટ, વીગેરે બદીઓ એ કોમમાં જોવામાં આવતી નથી.

આ કોમ આટલી બધી સદ્‌ગુણી કેમ થવા પામી તે સમજી શકાય એટલા માટે બીજી કાંઇપણ બાબદ દર્શાવવા આગમજ આ કોમની શરૂઆત કેમ થઇ તે જાણવાની અગત્ય વધુ હોવાથી તે પહેલે આપવું દુરસ્ત ધાર્યું છે.

મુંબાઇ નગરીમાં જ્યારે પણ પારસી કોમના ભલાં માટે કાંઇપણ શુભકામ સુચવવામાં આવતું, યા ઉપાડી લેવામા આવતું ત્યારે પારસીઓ

અનેક રીતે તેની સામે વિચારો દર્શાવતા અને તે કામમા બનતી ખલલ નાખતા હતા. આ વિરૂધતાની લાગણી એકાદ વખતેજ નહીં પણ લગભગ દરેક ભલાં કામ વખતે બહાર આવતી જોઇ કેટલાક દયાળુ અને કોમનું ભલું ચાહનાર જરથોસ્તીઓનું દીલ-ઘણુંજ રંજીદા થવા લાગ્યુ, અને જ્યારે તેઓની ઘણીક મહેનત અને કોશેશ છતાં પારસી ટોળો એક સંપ નહીજ થવા પામ્યો ત્યારે લાચારીએ મુંબઇના કેટલાક પારસીઓએ એક સંપ કરવાના કામની આશા છોડી કાઇ બીજો રસ્તો શોધી કહાડવા પર પોતાનું મન દોડાવ્યું.

મહીનાઓ તક ઘણીજ આતુરતાથી વિચાર કરી આબાદ એક ખ્યાલ એકના મનમાં પેદા થયો. આ ખ્યાલ પોતાનાજ જેવા દયાળુ, પરગજુ અને બિનસ્વાર્થી છ જરથોસ્તીઓને જાહેર કીધો, અને બધાને તે પસંદ પડવાથી આ સાત જ્ઞાની પ્રેમી પુરૂષો તે ખ્યાલ અમલમાં મુકવા માટે થોડાક મહીના તક ઉંડા વિચારમાં મશગુલ રહ્યા. સારાં નસીબે એ સાત નિર્ધેબાનો પૈસે ટકે સુખી હતા અને તેની સાથે દીલ પણ મોહટું અને નરમ હતું. તેઓએ સાથે મલી મુંબઇથી ઘણી દૂર એક રળીયામણી જગ્યા પસંદ કીધી કે જેની હવા પાણી અને રૂતુ ઘણાં સરસ હતાં અને તેની સાથે વળી જમીન પણ ફલદ્રુપ હતી. આ જગ્યા ઘણા મોટા વિસ્તારમાં નજીવી કીંમતે એ સાત જરથોસ્તીઓએ સાથે મળી ખરીદી લીધી.

એ જગ્યા અંગ્રેજ સરકાર પાસેથી ખરીદવામાં આવી હતી, અને તે કાંઇપણ મહેસુલ યા સરત વગર મહેરબાનીના રાહે આપવામાં આવી હતી. એમાં પારસીઓને પોતાનું એક નમુનેદાર સંસ્થાન બનાવવામાં ઉ-તેજન આપવાની નેમ રાખવામાં આવી હતી, અને વળી જો કોઇ વખત કાંઇ હેરાનગતી યા દુઃખ આવી પડે, તો અંગ્રેજ સરકારે કોમનો બચાવ કરવાનું પણ માથે લીધું હતું.

ઉપલી જગાનો એક નકશો બનાવવામાં આવ્યો, અને તે નકશાપર એ બોહલી જગાના એક ભાગમાં આજની છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણેના તંદોરસ્તીના કાનુન ધ્યાનમાં લઇ વીસ હજાર માણસો માટે જોઇતી સગવડ સાથનાં મકાનો, રસ્તાઓ, બાગો, ખેતરો વગેરે દોરવામાં આવ્યાં આ ગોઠવણ મુજબ મોટા રસ્તાઓ સિવાય એકપણ ગલી યા મોહલો

રાખવામાં આવ્યો નહી હતો. વળી નાહના મોટા બંગલાઓ સિવાય કંપાઉન્ડ વગરનું એક પણ મકાન બનાવવાની સખત મના હતી. આ સબબસર કોઇ પણ જગાએ ગીચ વસતી નહી હોવાથી લોકો ખુલ્લી હવામાં વસી તંદરોસ્ત રહેતા. બાકીની મોટા વિસ્તારની જમીન ખેતી માટે રાખવામાં આવી હતી.

જમીન ખરીદી સંસ્થાન વસાવવાના હેતુથી ઉપર મુજબનો પ્લાન બનાવ્યા પછી પેલા સાત જરથોસ્તીઓએ એક ભાગમાં બગીચા સાથના સાત નાહના બંગલાઓ પોતાના કુટુંબ માટે બનાવ્યા, અને ત્યાર પછી દુનિઆમાં વસતા કોઇપણ જરથોસ્તી કુટુંબને નીચલી શરતે આ નવા સંસ્થાનમાં આવી વસવા માટે આમંત્રણ કરવામાં આવ્યાં.

સંસ્થાનમાં આવી વસવાની શરતો.

૧. સાત જરથોસ્તી હાકેમોની બનેલી મજલીસ જે કાંઇ કાનુનો ઘડી કહાડે તેને માન આપી અમલમાં મુકવા.

૨. ત્રણ વરસ સુધી ખેતીની તમામ ઉપજપર ખેતી કરનારનોજ હક રહે, યાને મજલીસ ઉપજની કાંઇપણ હીસ્સા માટે માગણી કરે નહી. ત્રણ વરસ બાદ ખેતીનો અરધો પાક મજલીસને આપવો.

૩. કુટુંબના માણસોએ જાતે ખેતી કરવી; બીજાને ઉધડી આપવી નહીં.

૪. મજલીસની પરવાનગી વગર ખેતી સિવાય બીજો કાઇપણ ધંધો કરવો નહી.

૫. ખેતીનો પાક ત્રણ વરસવેર કોઇને વેચવો નહીં યા શહેરની બહાર મોકલવો નહીં, પણ દરેક કુટુંબે એક કોઠાર બનાવી, પોતાના ખોરાક ઉપરાંત બચેલો પાક તેમાં ભરવો. બે વરસ ચાલે એટલો પાક હમેશ કોઠારમાં રહેવો જોઇએ. ત્રણ વરસ બાદ મજલીસ સિવાય બીજા કોઇને પાક વેચવો નહીં.

૬. ખેતીના કામ માટે બળદ; દુધ, માખણ, ઘી માટે ગાય; મુસાફરી માટે ઘોડા અને ચોકી માટે સારી જાતના કુતરા સિવાય બીજા કાંઈ પણ જાનવરને મજલીસની પરવાનગી વગર સંસ્થાનમાં લાવવાં નહીં.

૭. "સુખ તેને જેનાથી સુખ સર્વેને" એ મોતેબર જરથોસ્તી શિક્ષણ ઉપર અમલ કરવાની હરદમ કોશેશ કરવી, અને એટલા માટે કોઇપણ જીવને દુઃખ આપી મેળવેલી વસ્તુનો ઉપયોગ કરવો નહીં, બલકે

એવી વસ્તુ સંસ્થાનમાં લાવવી નહી. અડાબીડી અને દુઃખની વખતે એક બીજાને મદદ કરવી કુટુંબમાં તેમજ બીજાઓ સાથ ગીનાકેસી નહી રાખવો, બલકે તે ઉત્પન્ન થતાંજ સમજુતીપરે આવવું, યા એમ નહી બને તો સલ્લાહસ પંજના હાકેમને તે વિષે ખબર કરી તેવનની મારફતે સલ્લાહ કરવી.

૮. કુટુંબના મરદ તથા ઓઓએ બીમારી સિવાય કોઇપણ પ્રસંગે સુસ્તાસી જીંદગી ગુજારવી નહી. પણ હરદમ ઉદ્યોગી રહેવું, અને એટલા માટે,—

૯. કુટુંબની સ્ત્રીઓએ પોતે જાતે ઘર સંસારનુ તમામ કામ કરવું, નોકર પાસે કરાવવું નહી. પરજાત નોકરો હુન્નર ઉદ્યોગના હાકેમ પાસેથી મેળવવા, અને તેવણ જે કહે તેટલુજ કામ નોકરો પાસેથી લેવુ.

૧૦. કુટુંબના બેટા બેટીઓને સાત વરસની ઉમર પછીજ નિશાળમાં મોકલવાં.

૧૧. દરેક હમકારાના દીવસે આખા કુટુંબે આદરીઆનમાં આતશ બહેરામ જવું, અને જશનની કીયા વખતે બંદગીમાં સામેલ થવું.

૧૨. નવજોત અને લગ્નની ક્રિયા પુર ગંભીરાઇથી મજલીસ તરફથી કરવામાં આવશે, અને ઘટતો ખરચ પણ તેઓજ કરશે. લગ્નની સેશ, કપડાં, રીત, પેહરામણી વગેરે કાંઇપણ માબાપે લેવું યા આપવું નહીં.

૧૩. દરેક શખસે પોતાના કુટુંબ તરફની સેવા બજાવવા ઉપરાંત કોમ તરફની પણ સેવા બજાવવા તૈયાર રહેવું, અને એટલા માટે,—

૧૪. કુટુંબના બેટાઓમાંથી મજલીસ જેઓને કુટુંબની સેવા માટે મુકરર કરે તેઓએ પોતાના કુટુંબ માટે ખેતીનું કામ કરવુ, અને બીજાઓને કોમની સેવા માટે મજલીસ જે કાંઇ કામ સોંપે તે બજાવવા મજલીસને હવાલે કરવા.

૧૫. મજલીસ તરફથી ખેતીને માટે દરેક કુટુંબને જગા મફત આપવામાં આવશે, જે ઉપર પોતાને ખરચે રહેવા માટે નાહનાં મકાનો બાંધવા એ માટે જો પૈસા નહીં હોય તો, મજલીસ પાસથી ઉછીના માગવા, અને ઉપજ આવે ભરી દેવા.

ઉપલી ૧૫ સરતે કેટલાંક કુટુંબો ત્યાં આવી વસ્યાં; દરેક કુટુંબને એક જમીનનો ટુકડો ખેતી માટે મફત આપવામાં આવ્યો, અને તેની ઉપર એક નહાનો બંગલો બાંધવા માટે જેની પાસે જોગવાઇ નહીં હોય

તેને પૈસા ઉછીના આપવામાં આવ્યા; કુટુંબના સ્ત્રી મરદોની સંખ્યા, તેમનો બાંધો તથા બીજા સંજોગો જોઇ વધુ ઓછા નોકરોને મદદ માટે નોકરી રાખવાની પરવાનગી આપવામાં આવતી; તેઓને મેહનતના બદલામાં અનાજ અને કપડાં આપવા દેવામાં આવતાં; નોકરી પરથી નોકરને બરતરફ કરવાની સત્તા ઉદ્યોગ હુનરના હાકેમના હાથમાં રાખવામાં આવી હતી. એટલા માટે નોકરની ગેરવર્તણુક યા આળસાઇ માટેની ફર્યાદ તે હાકેમનેજ કરવામાં આવતી, અને તેવણ ઘટતી તલાસ કરી બંદોબસ્ત કરતા. નોકરને નોકરીપરથી બરતરફ જવલેજ કરવામાં આવવો, અને જો કોઇ વખત તેમ કરવું પડતું તો તેને શહેર છોડી જવું પડતું, પણ એક ઘરમાંથી કાઢી મુકેલા યા નાહસી ગયલા નોકરને બીજા ઘરમાં કદી રાખવામાં નહી આવતો; આથી નોકરો તાબેદાર રહેતા. વળી બીજા હાથપર તેઓ ઉપર કોઇ પણ પ્રકારનો જુલમ ગુજારવા દેવામા નહી આવતો, બલ્કે સભ્યતાથી તેઓ પાસ કામ લેવામાં આવતું. નોકરને શેઠ માટે કાંઇપણ ફર્યાદ કરવી હોય તો ઉપલા હાકેમ પાસે જવાની પૂર છુટ હતી. દરેક ફર્યાદની ઘટતી જુસતેજો કરવામા આવતી, પણ ફર્યાદ લાવનારનું નામ જાહેર કરવાની દરેક હાકેમને સખત મના હતી. એ માટે મજલીસનો એવો ખ્યાલ હતો કે ફર્યાદ લાવનારનું નામ જાહેર કરવાથી બને વચ્ચેનો મીનાકેસો વધે છે, અને વળી તકસીર કરનાર સખસ બીજી વખતે તે ફરીયાદ કરનાર સખસને ખબર નહીં પડે એવી રીતે બુરાઇ કરવાનું ચાલુ રાખે છે, જેથી ખરી હકીકત જાહેરમાં આવી શકતી નથી. પણ બીજા હાથપર જો તલાસ કરતાં એવું માલુમ પડે છે કે ફરીયાદ જુઠી હતી તો ફરીયાદ લાવનારની સખ્ત રીતે ખબર લેવામાં આવે છે, પણ કોઇબી વખત વગર તલાસ કરવે બીજાનું કહેવું માની લેવામાં આવતું નથી.

નેક અને બીનસ્વાર્થી કામમાં ખુદાની હમેશ મદદ હોય છે. અત્રે પણ તેમજ બન્યું. ત્રણ વરસ સુધી સંસ્થાનનાં કુટુંબો ખરી નીષ્ટા અને ખરી મહેનતથી ખેતીનું કામ કરવા પાછળ મંડી ગયલા હોવાથી તેના બદલામાં ઘણો સારો પાક ઉતરવા લાગ્યો, જેથી ખાધા ઉપરાંત ત્રણ વરસથી વધુ ચાલે એટલો અનાજ દરેકના કોઠારમાં એકઠો થયો.

એ ત્રણ વર્ષ દરમ્યાન મજલીસે એક આંદરીવાન, એક સુતરાઉ કાપડની નીલ તથા અનાજના મસ મોટા કોઠારો બંધાવ્યા હતા. વળી બા-

બળવાનાં લાકડાં તથા કોલસાની એક વખાર, બુટ તથા ફરનીચરનું કારખાનું વગેરે બનાવવામાં આવ્યું હતું. આ સર્વે જણસો બનાવવા તથા વેચવાનો હક મજલીસે પોતેજ રાખ્યો હતો. કોમની સેવા માટે મુકરર કીધેલા બેટાઓને ઉપલા કારખાનામાં કામે લગાડવામાં આવતા. તેઓને કામ શીખવ્યા પછી કારખાનામાં ઉપરી બનાવવામાં આવતા, જે માટે તેઓને પગાર આપવામાં નહીં આવતો પણ કામના પ્રમાણમાં તેઓના કુટુંબને માટે તે કારખાનામાં બનતી જણસો આપવામાં આવતી; દાખલા તરીકે કાપડની મીલમાં કામ કરનારને કાપડ, બુટના કારખાનામાં કામ કરનારને બુટ વગેરે. કારખાનામાં કામ કરતા પરજાત કામદારોને નોકરીના બદલામાં અનાજ, કપડાં તથા બીજી જરૂરીઆતની ચીજો આપવામાં આવતી. પૈસાનો ઉપયોગ જો કે સંસ્થાનમાં જાઝો કરવામાં નહીં આવતો, પણ દરેક શખ્સ દરેક જોઇતી ચીજ મેળવી શકે તેનો પુરતો બંદોબસ્ત મજલીસ રાખતી.

મજલીસનો હેતુ સંસ્થાનના લોકોને સુખમાં રાખવા સાથે નેક, ઉદ્યોગી, સાદી જીંદગી ગુજારનારા તથા નીતિવાન બનાવવાનો હોવાથી કોઇપણ બુરી ચીજ તથા બિનજરૂરી મોજશોખ વધારનારી જણસો સંસ્થાનમાં વેચવા યા લાવવામાં નહીં આવતી, એટલા માટે દારૂ, માંસ, બરફ, એરેતેડ વોટર, ચાહ, કાફી, તંબાકુ વગેરે જણસો શહેરમાં વેચાતી યા વપરાતી નહીં. પણ બીમારીની વખતે મજલીસના તબીબો પાસથી કાંઇપણ જોઇતી ચીજ મેળવી સકાતી.

જેમ જેમ વરસો જતાં ગયાં તેમ તેમ સંસ્થાનમાં ઘણો સુધારો વધારો થતો ગયો અને ઘણાં ઉપયોગી ખાતાં નીકળતાં ગયાં આખાં સંસ્થાનનો કારોબાર એક અગત્યના કાનુન ઉપર રચાયલો હતો અને તે એ કે અનાજ, કાપડ વગેરે ઉપજની તમામ ચીજો મજલીસે મુકરર કીધેલા દરે પહેલે સંસ્થાનનાં લોકોને પુરી પાડવી, કોમને ત્રણ વરસ ચાલે એટલો જથ્થો મજલીસના ભંડારમા રાખવો, અને તે ઉપરાંત જે કાંઇ બચે તે મજલીસ તરફથી બીજા મુલકમાં વેચવી.

સંસ્થાનનું ઉપલું સામાન્ય બયાન આપ્યા પછી જુદાં જુદાં ખાતાંઓ વીષે કેટલીક જાણવાજોગ હકીકત દર્શાવવાનું દોરસ્ત ધાર્યું છે કે જેથી એ સંસ્થાનનો કારોબાર વધુ સમજમાં આવે.

કેળવણી.

કેળવણીખાતાંને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે, ૧ પ્રાથમિક શિક્ષણશાળા (Primary School), ૨ હુન્નર ઉદ્યોગશાળા (Technical School) અને ૩ પાઠશાળા (College). પાઠશાળામાં શોધખોળ કરનારૂં ખાતું (Research Institute) જુદૂં રાખવામાં આવ્યું છે.

પ્રાથમિક શિક્ષણશાળા (Primary School.)

પ્રાથમિક શાળામાં સામાન્ય ઉપયોગી જ્ઞાન આપવાનો અને મગજ-શક્તિ ખીલવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. એમાં ઓછામાં ઓછાં પાંચ સાલ કાઢવાં પડે છે. દર સાલ છોકરાઓમાં વિચારશક્તિ કેટલે દરજ્જે ખીલી છે તેની કસોટી કરવા બાદ બીજે વરસે તેઓને શું શિક્ષણ આપવું તે નક્કી કરવામાં આવે છે. આ કસોટી માટે તેને શીખવવામાં આવેલી ચોપડીમાંથી કાંઇપણ પુછવામાં આવતું નથી પણ બાહેરના સવાલો પુછવામાં આવે છે, કે જેથી છોકરાઓને તેનો જવાબ આપવા માટે યાદદાસ્ત શક્તિનો નહી પણ મગજ શક્તિનો ને વિચાર શક્તિનો ઉપયોગ કરવો પડે. વિચાર કરીને આપેલા જવાબ ઉપરથી તેઓની વિચાર શક્તિનું તોલ થઇ શકે છે. આ શાળામાં ઉપલી રીતે વિચાર શક્તિ ખીલવવાથી છોકરા-ઓ આગલ ચલતાં હુન્નર ઉદમોગ ખાતામાં નવી શોધ તથા સુધારો કરી શકે છે.

જેનો ઉપયોગ જીંદગીમાં થઇ શકતો નહી હોય તેવું કાંઇપણ જાતનું શિક્ષણ પાઠશાળામાં આપવામાં આવતુ નથી. આ સબબને લીધે છોકરાઓના મન પર નાહકનો ખોટો બોજો આવી પડતો નથી. ભુગોળનો એક સામાન્ય ખ્યાલ આપવામાં આવે છે, દાખલા તરીકે પૃથ્વિ ઉપર પાણી અને જમીનની વહેંચણી, મોટાં રાજ્યો, તેના જાણીતા મુલકો તથા રાજધાની, મુખ્ય મોટી નદીઓ, પહાડો વગેરે. હિંદુસ્તાન તથા સંસ્થાનની નજદીકના મુલકો માટે વધુ જ્ઞાન આપવામાં આવે છે. ઇતિહાસ વાર્તા તરીકે શીખવ-વામાં આવે છે. ફલાણો રાજા ફલાણે વરસે ગાદી પર આવ્યો અને ફલાણે વરસે મરણ પામ્યો; ફલાણે વરસે ફલાણી લડાઇ થઇ એવી કાંઇપણ ચીજ ભગડાવવામાં આવતી નથી; ફક્ત અમુક સદીમાં અમુક રાજાઓ થઇ ગયા,

અને તેના રાજમાં અમુક મોટા બનાવો બન્યા એવી કેટલીક જાણવાજોગ બીના રસીલી વાર્તા રૂપે શીખવવામાં આવે છે. તેમાં ખસુસ કરી ઇરાન તથા હીંદુસ્તાનની તવારીખ ઉપર વધુ ધ્યાન આપવામાં આવે છે; હીસાબમાં પણ ઉપયોગ જોગજ શીખવવામાં આવે છે અને છોકરાઓ ખાલી રીત યાદ રાખી હીસાબ ન કરે પણ વિચાર કરીને હીસાબ કરે તેની ઘણી તકેદારી રાખવામાં આવે છે.

કેળવણી પારસી સંસ્થાનમાં ફરજીયાત છે. અને તેનો ખરચ મજલીસ તરફથી કરવામાં આવે છે, માબાપને કશું આપવું પડતુ નથી. દરેક કુટુંબ પોતાના બેટા બેટીઓને સાત વરસનાં થતાંજ શાળામા મોકલવાને બંધાયેલું છે. શાળામાં તેઓને શારીરિક, માનસિક તથા ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે.

શારીરિક શિક્ષણ.

શારીરિક કેલવણીમાં ઘણીક પ્રકારની આંગબળની કસરત છોકરાઓની પ્રકૃતિ તથા બાંધા પ્રમાણે કરાવવામાં આવે છે. સ્નાયુ (Muscles) ખીલવવા તથા મજબુત બનાવવા હીંદુસ્તાનની કસરતો તથા ડમબેલ્સનો ઉપયોગ કરવામાં આવે છે, પણ છાતી, ફેફસા (Lungs), હોજરી વગેરેને મજબુત રાખવા માટે ખુલ્લી સ્વચ્છ હવામાં વેલાતી રમત ગમત, જેવી કે ક્રિકેટ, ફુટબોલ, ગોલ્ફ વગેરે રમાડવામાં આવે છે. કસરત ફરજીયાત રાખવામાં આવી છે.

દરેક મહીનાની શરૂઆતમાં દરેક શાળામાં છોકરાઓની તપાસ તબીબ પાસે કરાવવામાં આવે છે, અને કાંઇપણ અડચણ યા રોગ માલમ પડે તો તે દુર કરવાની કાલજી રાખવામાં આવે છે. છોકરાંઓને બપોરે સ્કુલમાંજ જમાડવામાં આવે છે અને તેમાં કશો ફરક રાખવામાં આવતો નથી. પૈસાનુ ચલણ સસ્થાનમાં ઝાઝું નહીં હોવાથી દરેક કુટુંબને સાદી લોકઉપયોગી અને ઉદયોગી જીંદગી ગુજારવી પડે છે કોઇ કુટુંબની મિલ્કત હિંદુસ્તાનમાં ગમે એટલી હોય પણ સસ્થાનમા તો તેને બીજા કુટુંબોના જેવીજ સાદી જીંદગી ગુજારવી પડે છે સસ્થાનમાં પૈસાથી કોઇ મોટો ગણાતો નથી, પણ જ્ઞાન, કાબેલ્યત અને હુશીઆરીના પ્રમાણમાં મોટાઇ તથા માન અકરામ આપવામાં આવે છે, અને તેઓની ઘણી ઇજત કરવામાં આવે છે

ખુશામત તથા લાંચ રૂશવતનો ખ્યાલ કોઇના સ્વપ્નામાં પણ આવતો નથી. શાળામાં પણ છોકરાઓને સાદો પણ પુષ્ટીકારક ખોરાક આપવામાં આવે છે અને બીમારીની વખતે તથા તેથી થતી નાકૈવતીની વેખતે તબીબના ફરમાવ્યા મુજબ ખોરાકમા ઘટતો ફેરફાર કરવામાં આવે છે. જે માટે માબાપને કશું આપવું પડતું નથી. શાળાની તાલીમ પુરી થયા પછી, જેઓને હુન્નર ઉદયોગ શાળામાં મોકલવામાં આવે છે તઓને માટે ત્યાં પણ શારીરિક શિક્ષણ ચાલુ રાખવામાં આવે છે

માનસિક શિક્ષણ.

માનસિક કેળવણી માટે મનને ખીલવવાનો અને વિચાર કરવાની ટેવ પાડવાનો હેતુ રાખવામાં આવ્યો છે. પોપટ માફક મોઢે ભરી જવાની ટેવ ન પડે તેની ઘણી કાળજી રાખવામાં આવે છે, અને એટલા માટે પરીક્ષા લેવામાં આવતી નથી. શાળાના દરેક શિક્ષકને તાકીદ કીધેલી હોય છે કે છોકરાઓ સાથે ઘાડા સબંધમાં આવવું, તેની સાથે ઘાડી દોસ્તી રાખવી અને તેનો ચાહ ખેંચી લેવો. આથી છોકરાઓનો વિશ્વાસ ઉસ્તાદપર એટલો બધો બેસી જાય છે કે તેઓ કોઇપણ બાબદ ઉસ્તાદથી છુપાવતા નથી, પણ જ્યારેબી કાંઇ ભુલ યા ગુનાહ કોઇ છોકરાથી થઇ જાય છે ત્યારે ઉસ્તાદને તે કહી દેવાથીજ તેનું દીલ શાંત થાય છે. આવી રીતે છોકરાઓ સાથ ઘાડા સંબધમાં આવ્યાથી છોકરાઓની ખુદરતી વલાણ ઉસ્તાદ જોઇ શકે છે દરેક છોકરાની કુદરતી વલણ અને જાતી શોખ શોધી કહાડી તેની નોંધ રાખવાનો હુકમ દરેક શિક્ષકને હોય છે.

આ સંસ્થાનમાં ગુજરાતીજ ભાષા વપરાય છે, પણ બીજી ભાષા તરીકે અંગ્રેજી, ફારસી અને અવસતા ભાષા શીખવવામાં આવે છે શાળામાં શરૂઆતના પાંચ સાલ ગુજરાતી ભાષા શીખવવામાં આવે છે, જે અરસામાં ગુજરાતીનું સારૂં જ્ઞાન તે મેળવી શકે છે. વળી જીંદગીમાં કામ આવે તેવા હીસાબ પણ સાથેજ શીખવવામાં આવે છે નહીં સમજ પડતી બાબદો અને મુશકેલીઓ છોકરાઓને સમજાવવાને બદલે તેની સમજણ છોકરાઓ પાસેજ મેલવવાની કોશેશ કરવામાં આવે છે. છોકરાઓને અનેક પ્રકારના સવાલો પુછી તેઓના મોઢેથીજ જવાબના આકારમાં તેઓની મુશકેલીની સમજણ મેળવવામાં આવે છે આથી તેઓને વિચાર કરવાની ટેવ પડે છે એક વખત ટેવ પડયા પછી છોકરાઓ નહીં સમજ પડતા ફકરાઓ માટે જરા જરામાં

ઉસ્તાદ પાસે દોડી જતા નથી પણ પોતેજ તેનાપર પુખ્ત વિચાર કરે છે, અને ઉસ્તાદની મદદ વગર પોતાને હાથેજ ખોલાસો મેળવવામાં મગરૂરી લે છે. છોકરાઓ પોતાનુ લેસન આવી રીતે સ્કુલમાંજ શીખે છે. ઘરમાં લેસન કરવાની યા સ્કુલની ચોપડી વાચવાની સખત મનાઇ હોય છે. અને માબાપોને તે માટે તાકીદ કરવામાં આવે છે સ્કુલમાંથી છોકરાઓ સાંજના ઘેર જાય ત્યારથી તે સવારના પાછા સ્કુલમાં આવે ત્યાંસુધી હસવા રમવાનુ અને માબાપનું કામ કરવાનું ફરમાન હોય છે; આથી છોકરાઓ ઘણાંજ આસુદા, સોહામણાં અને તંદરોસ્ત લાગે છે, અને સ્કુલમાં જવું એ ગોયા એક મોજ સમજે છે.

ધાર્મિક શિક્ષણ.

ધાર્મિક શિક્ષણ પણ પાઠશાળામાં બીજા શિક્ષણોની સાથેજ દરરોજ શીખવવામાં આવે છે, અને એ રીત પહેલેથીજ સ્કુલમાં દાખલ કીધેલી હોવાથી માબાપો બંને શિક્ષણની અગત્ય એક સરખીજ સમજે છે; એટલા માટે ધર્મનું શિક્ષણ આપવામા કાંઇપણ મુશ્કેલી પડતી નથી. પાઠશાલાના પહેલા ત્રણ સાલ દરમ્યાન નીતિનોજ બોધ આપવામાં આવે છે, અને એ વારતા રૂપે હોય છે. દાખલા તરીકે એક શખ્સ અમુક સદગુણ જીંદગીમા કેવી રીતે પાળતો હતો, અને તે સદગુણ અમલમા મુકતી વખતે કેવી કેવી મુશ્કેલીઓ તેને નડી હતી અને તે છતાં દુઃખ વેઠીને પણ તે સદગુણ કેવી રીતે તે પાળી શકયો હતો એ દર્શાવનારી રસીલી વારતાઓ શીખવવામા આવે છે. વળી છોકરાંઓના મનપર એવા સદગુણો વધુ ઠસાવવા માટે એવી વારતાઓ નાટક રૂપે પણ ભજવી બતાવવામાં આવે છે. તહેવારોપર એવા નાટકો જરૂર કરાવવામાં આવે છે, અને તે પણ મજલીસ તરફથીજ થાય છે. જ્ઞાન અને બોધ આપનારાં નાટકો સિવાય કોઇપણ પ્રકારના હવસ ઉશકેરનારા નાટકો કરવા દેવામા આવતાં નથી. એક બોલાયલો બોલ, યા આપેલું વચન પાળવા માટે કેટલીક વખત ઘણી મુશ્કેલીઓ ખમવી પડે છે તે છતાં એક સાચ્ચો માણસ તે વચન તોડતો નથી એ અસરકારક રીતે છોકરાઓના મનપર ઠસાવવા રાજા હરિશ્ચંદ્રના જેવા નાટકનો એક અમુક ભાગ યા એવો કોઇ બીજો નાટક ભજવી બતાવવામાં આવે છે. આવી રીતે દરેક સદગુણ માટે ત્રણ ચાર વારતા તથા નાટકો તૈયાર કીધેલાં હોય છે. અને એવા દાખલાઓ ઇરાનના ઇતિહાસમાં મળી આવે છે તે શીખ-

૫૪૪૮.

વવામાં આવે છે. નીતિના બોધ આપનારી ખાસ ચોપડીઓ છપાવી ફક્ત એકેક નકલ દરેક ઉસ્તાદને આપવામાં આવે છે, બહાર તે વેચાતી નથી, કે જેથી ઉસ્તાદ જે વખતે મોઢેથી વારતા કહી સંભળાવે ત્યારે છોકરાઓ વધુ ધ્યાનથી સમજી તે યાદ રાખવાની કોશેશ કરે. ઉસ્તાદને પણ એ ચોપડી પાઠશાળામાં લાવવાનો હુકમ નથી, પણ ઘેરથી જોઈ આવી તે મોઢેથીજ આપવાનું ફરમાન છે; બલકે એ વારતાની ચોપડી ઉસ્તાદને આપવામાં આવે છે એ વાતની ખબર પણ છોકરાઓને હોતી નથી. નીતિબોધની ચોપડીમાં પહેલે દરેક સદગુણનું બયાન તથા તે પાળવાથી ઉપજતા ફાયદાઓ દર્શાવવામાં આવેલા છે, અને પછી તેને લગતી રસીલી વારતાઓ આપવામાં આવેલી છે. એક મહીના સુધી એકજ સદગુણ શિખવવામાં આવે છે, અને તે મહીનામાં તે સદગુણ ઉપર અમલ કરાવવામાં આવે છે, અને તેઓની કસોટી માટે છોકરાઓને તરેહવાર યુક્તિથી લલચાવનારા સંજોગો વચ્ચે મુકવામાં આવે છે કે જેથી તેઓ તે સદગુણને વળગી રહે છે યા લાલચમાં ફસે છે તે જણાઇ આવે. એમાં નિષ્ફળ થનાર કોઇપણ રીતે નાસીપાસ નહી બની જાય તેની સંભાળ લેવામાં આવે છે, અને ફરી કોશેશ કરવા માટે ઉતેજન આપવામાં આવે છે. એક વર્ગમાંથી ઉપલા વર્ગમાં મોકલતી વખતે છોકરાઓને ખબર નહી પડે એવી રીતે દરેક બાબતમા તેને કસી જોવામાં આવે છે, એજ તેઓની પરીક્ષા છે; પરીક્ષાના દિવસો નક્કી કરી તેઓને જણાવીને પરીક્ષા લેવા કરતાં ઉપલી રીતે અચબુચ તેઓને તપાસવાથી તેઓ આખું વરસ હુસ્યાર રહે છે, અને વળી પરીક્ષા માટે ભરડી જવાની અગત્ય પડતી નથી. વળી જ્યારે હુસ્યાર છોકરાઓ પરીક્ષામાં ફેલ થઇ ઠોઠ પાસ થાય છે ત્યારે પરીક્ષા એક લૉટરી જેવી લાગે છે, પણ સંસ્થાનની પાઠશાળામાં એવો ગેરઇનસાફ કદી પણ થવા પામતો નથી

ઉપલી રીતે પાઠશાળામાં પહેલા ત્રણ વરસવેર નીતિ અને સદગુણ શીખવ્યા પછી, અવસતા ભાષા અને ધર્મનું સામાન્ય જ્ઞાન આપવામાં આવે છે, જે શિખ્યા પછી છોકરાઓ મોટે ભાગે અવસતાની બંદગીનો અર્થ સમજી શકે છે.

પાઠશાળામા અપાતા શિક્ષણનો ગોયા પાયોજ છોકરાઓને પરોપકારી અને કોમ ઉપયોગી બનાવવાનો હોવાથી ધાર્મિક શિક્ષણ આપવામાં પણ ધાર્મિક ઝનુન અને આપસ્વાર્થ અખત્યાર નહી કરે તેની સંભાળ પહેલેથીજ

રાખવામાં આવે છે. એટલા માટે ધર્મનાં મુખ્ય તત્ત્વ જે દરેક ધર્મમાં એક સરખાં જોવામાં આવે છે તેજ શરૂઆતમાં છોકરાંઓને શીખવવામાં આવે છે. દાખલા તરીકે ખુદા જગતનો કર્તા, માણસ જાતની ફરજ, કરણીનો કાયદો, દોઝખ, બેહસ્ત, મોક્ષ યા ખુદામાં મળી જવું વગેરે તેને પહેલે શીખવવામાં આવે છે, અને એ રીતે જરથોસ્તી ધર્મનું ખાસ શિક્ષણ રાહરસમ અને ક્રિયાઓ તેઓ સહેલાઇથી સમજી શકે છે. વલી બીજા ધર્મોમાં પણ દેશ, કાળ અને લોકોની બુદ્ધિને અનુકૂલ ખાસ શિક્ષણ રાહરસમ તથા ક્રિયાઓ આપવામાં આવેલી હોય છે એવુ છોકરાઓને ખુલ્લી રીતે જણાવવામાં આવે છે કે જેથી બીજા ધર્મના લોકો માટે અણગમો તથા હલકા વિચારો તેઓમાં નહીં આવે; વળી ઇરાનનાં તવારીખનો થોડો ખ્યાલ આપતી વખતે તેઓને સમજાવવામાં આવે છે કે ઇરાનનુ રાજ જવા સાથે જરથોસ્તી ધર્મની ચોપડીઓનો મોટો ભાગ ગુમ થઇ ગયલો છે, અને જે કાઇ ટુકડાઓ રૂપે બચેલું છે તે બીજા પુરાણા ધર્મના બચેલા ધાર્મિક સાહીત્ય સાથે સરખાવતાં ઘણોજ નજીવો છે. અસલી ઈરાની રાજની જાહોજલાલી, ધર્મ વિષેની જાનફેશાની તથા અસલી જરથોસ્તીઓની નમુનેદાર સદગુણી જીંદગી તથા તેઓની કાબેલીયત અને હુસ્યારી વિષે ઇતિહાસ તથા શાહનામાં-માંથી મળી આવતી વિગતનો કેટલોક ખ્યાલ આપી તેઓના મનપર ઠસાવવામા આવે છે કે જરથોસ્તી ધર્મને તેની અસલી હાલતમાં લાવવાની અને ખોવાઇ ગયલા લખાણો પાછા મેળવવાની કોશેષ કરવી જોઇએ, અને પોતાની રૂડી ચાલચલણ, સદગુણ, જ્ઞાન અને પરોપકારી કામોથી બીજાઓને બતાવી આપવું જોઇએ કે તેઓ અસલી બાપદાદાની કીર્તીમાં ઉમેરો કરનારા સદગુણી ફરજંદો છે, અને બદચાલથી બાપદાદાની કીર્તીને કલંક લગાડનારા નાલાયક પુત્રો નથી. તેઓને વધુ સમજાવવામાં આવે છે કે બાપદાદાની કીર્તી અને જાહોજલાલી વિષે બીજાઓ આગલ બાંકાં ફુંકી મગરૂરી જાહેર કરવાથી બાપદાદાનું નામ જળવાઈ રહેતુ નથી. પણ તેઓના સદગુણો અને તેઓના જેવાં ભલાં કામો કરવાથીજ તેઓનાં નામો વધુ ઝલકતાં થાય છે અને વધુ વખત સુધી જીવતાં રહે છે. એક અધર્મી અને નઠારી ચાલનો જરથોસ્તી જ્યારે તેના નેક બાપદાદા વિષે મગરૂરી જાહેર કરે છે ત્યારે ગોયા તે બાપદાદાના નામને લીણું લગાડે છે. એવા નાલાયક જરથોસ્તીઓએ તો શરમથી નીચું જોઈ મુગુ બેસવું જોઈએ કે જેથી પોતાનીજ હોરમત ખોઇને બેસે, પણ બાપદાદાના નામને હલકું નહીં પાડે.

આવા ખુબદ અને બેહલા ધાર્મિક શિક્ષણથી છોકરાઓ ધર્મને ખરા દિલથી ચાહનારા તથા બીજા ધર્મવાળાઓ તરફ પ્રેમથી વરતનારા બને છે. વળી ધર્મને બીજી સઘળી બાબદ કરતાં શ્રેષ્ઠ સમજે છે, પછી તે કોઇપણ ધર્મ હોય, યાને કુલ માણસ જાતની ફરજ બીજી બાબદો કરતાં ધર્મની બાબતપર વધુ લક્ષ આપવાના છે એવું છોકરાઓ માને છે. એટલુંજ નહીં પણ તેજ માફક વરતતાં જણાય છે વલી ગમે એવું બીજું સાધારણ કામ હોય તે મેલી ધર્મના કામમાં પહેલી જગ્યા આપવાની, તથ ધર્મ માટે પૈસો, વખત અને મહેનતનો ઉપયોગ કરવાની તેઓ પોતાની ફરજ સમજે છે. વળી તેઓ માને છે કે ખાલી બંદગી કરવામાંજ અને ક્રીયાકરમ કરાવવામાંજ ધર્મ તરફની ફરજ સમાઇ જતી નથી, પણ ધર્મનાં ફરમાનો મુજબ અશોઇથી જીંદગી ગુજારવી, તથ દુખ્યનું દુખ મટાડવું તથા મુફલેસોને મદદ કરવી એ બધી ધર્મ તરફની ફરજ છે બંદગી આપણે પોતાના ફાયદા માટે કરતા હોવાથી તેમાં આપણો સ્વાર્થ હોય છે જ્યારે દુખી અને મુફલેસને મદદ કરવામાં અપ સ્વાર્થ નહીં હોવાથી તે બીન સ્વાર્થી કામ ગણાય છે. એટલા માટે જ્યારે બંદગી કરતા કોઇએ તેવ મને કોઇ દુખી યા મુફલેસ યા દુકાળીઓ આવી લાગે તો બંદગી કરવાનું છોડી તુરત તેની મદદે દોડી જવામા છોકરાઓ પોતાની ધાર્મિક ફરજ સમજે છે પણ બીજા દરેક ઉપર પોતાના લાભનું કાંઇ કામ હોય યા ફરવા હરવા, ખાવા પીવા યા બીજી કાઇ મોજમજાહમાં સામેલ થવાનું કામ હોય તો તે બધાને પડતું મેલી પહેલી ફરજ તેઓ ખોદાની બંદગી કરવાની સમજે છે.

વલી છોકરાઓને સારૂં શું અને બુરૂં શું તેજ ફક્ત શીખવવામા આવતું નથી, પણ અગત્યનું અને બિનઅગત્યનું, જરૂરીયાતનું અને બિન-જરૂરીયાતનું, સારૂ, વધુ સારૂ, અને સર્વેથી સારૂ એ સઘલાનો ભેદ તેઓને શીખવવામાં આવે છે કે જેથી સઉથી જરૂરીયાતની અને વધુ અગત્યની બાબદે ઉપર તેઓ પેહલે ધ્યાન દોડાવે. ટુંક ગુજાસવાલા સગાં કરતાં, એક ભુખે મરતા બેગાનાને મદદ કરવી તેઓ વધારે જરૂરની સમજે છે.

આપણે ઉપર જોઇ ગયા તે મુજબ ધર્મના શિક્ષણ વખતે શીખવેલી બાબદો તથા સદગુણો ઉપર દરેક છોકરાને ત્યાંજ, યાને સ્કુલમાંજ અમલ કરવો પડતો હોવાથી જ્યારે તેઓ કેલવણી પુરી કરી બહાર નીકળે છે ત્યારે નીતિમાન અને સદગુણી બનેલા હોય છે. ધર્મની કેલવણી કાંઇ ધર્મને

લગતી ચોપડીઓ ભરડાવવાથી મળતા નથી તેની ખરી ખાતરી મુંબઇની સ્કુલમાં અપાતી ધર્મને લગતી કેળવણી લીધેલા એક છોકરાને આ પારસી સંસ્થાનની સ્કુલના છોકરા સાથે સરખાવતાં તરત થઇ જાય છે એટલુંજ નહીં પણ મુંબઇની કોલેજના અવસ્તાના ગ્રેજ્યુએટ પણ ફાઇલોલોજી, ધર્મ તરફની લાગણી અને તે પર અમલબાત તથા સદગુણોમાં સંસ્થાનની સ્કુલના ઉપલા વર્ગના છોકરાઓ સાથ બરાબરી કરી શકનાર નથી. મુંબઇના અવસ્તાના ગ્રેજ્યુએટનાં ધર્મ સબંધી લખાણો અને ધર્મની તારીફ તથા કાગજ પર બતાવેલી જાનફેસાની સાથે તેની અંગત જીંદગી સરખાવી તેની અંતરની ખરી લાગણીનુ તોલ કરવામાં આવે, અને તેવીજ રીતે સંસ્થાનના એક જરથોસ્તી છોકરા સાથે મુકાબલો કરવામાં આવે ત્યારેજ ધર્મની ખરી કેળવણીનો કાંઇ ખ્યાલ આવી શકે.

વિદ્યા, હુન્નર, જ્ઞાન, તથા સદગુણમાં પોતાના કરતાં વધુ આગલ વધેલા બુજોર્ગો સાથે આબરૂ ઇજત તથા માન અકરામથી કેવી રીતે વરતવું, પોતાના બરોબરીયા સાથે પ્રેમ અને નરમાસથી કેવી રીતે ચાલવુ, તથા પોતાથી ઉતરતા દરજ્જાવાલાઓ સાથે પોતાનો મોભો જાળવી રાખી દયા અને દાનથી કેમ અમલ કરવો તે સઘળું છોકરાઓને શીખવેલું હોવાથી, તથા તેના પર અમલ કરવા પણ શીખવેલુ હોવાથી કોઈ મોટા મેલાવડામાં જ્યાં તેઓને સ્કુલ તરફથી લઇ જવામા આવેલા હોય ત્યા છોકરાઓની પોતપોતા વચ્ચે તેમજ બીજાઓ સાથની વરતણુક જોઇ એક સચા જરથોસ્તીનું હૈયું ખુશાલીથી ઉભરાયા વગર રહે નહીં.

મારા પ્રિય વાચનારાઓ, જોકે ખાકી ચશમથી તો તમો ઉપલો ચિતાર જોઇ નહી શકશે પણ વિચાર શકિતની મારફતે મનથી પણ તમો જોવાની કોશેશ કરશો તો ખાત્રી છે કે આવા ઉત્તમ ખુશાલી ઉત્પન્ન કરનારા ખ્યાલથી તમારૂં હૈયું હરખથી ઉભરાયા વગર રહેશે નહી.

પાઠશાળાના પાંચ સાલની આખેરીએ યા બાર વરસની ઉમર પુરી કરવે દરેક છોકરાની કુદરતી વલણ મુજબનુ કામ શીખવવા માટે તેને હુન્નર ઉદ્યોગ શાળામાં મોકલવામાં આવે છે જ્યા તેને તેની વલણ મુજબનું કામ શિખવવામાં આવે છે, અને સાથે સાથેજ અંગ્રેજી, ગુજરાતી, ફારસી યા અવસ્તા ભાષા પણ તેના શોખ મુજબ શીખવવાનુ ચાલુ રાખવામાં આવે છે.

સંસ્થાનમાં વસતી કોમનો ગોયા પાયોજ એક બીજા તરફની ફરજ પર રચવામાં આવેલો હોવાથી ત્યાં વસતા દરેક કુટુંબના શખસો સમજે છે કે જેટલી ફરજ પોતાના કુટુંબ તરફ તેઓ ધરાવે છે તેટલીજ ફરજ કોમ તરફ પણ ધરાવવી જોઇએ એ બન્ને ફરજો દરેક કુટુંબને સાથે સાથેજ અમલમાં મુકવી પડે છે આ હેતુ બર લાવવા માટે દરેક કુટુંબ પોતાના બેટાઓમાંથી મજલીસ જેઓને કોમને માટે વધુ લાયક સમજે તેઓને કોમના ભલા માટે મોટી ખુશી સાથે કોમને અર્પણ કરે છે, એટલુંજ નહીં પણ પોતાના બેટાઓને કોમને અર્પણ કરવામાં માબાપ મોટું માન અને મગરૂરી સમજે છે બીજા હાથ ઉપર તેઓના માબાપને ઘેરના કામમાં કાંઇપણ તકલીફ નહી પડે તેની ઘટતી સંભાલ મજલીસ તરફથી લેવામાં આવે છે.

હુન્નર ઉદ્યોગશાળા.

ઓછામાં ઓછા પાંચ વરસ સુધી પાઠશાળામાં તાલીમ લીધા પછી જે છોકરાઓને મજલીસ તરફથી કોમની સેવા માટે પસંદ કીધેલ હોય છે તેઓને હુન્નર ઉદ્યોગશાળામાં મોકલવામાં આવે છે. આ છોકરાઓ અમુક કામ યા હુન્નર માટે કુદરતી વલણ બતલાવતા હોવાથીજ તેઓને કોમની સેવા માટે ચુટી કાઢવામા આવેલા હોય છે. એ વલણ પાઠશાલાના ઉસ્તાદો જયારે તેઓ સ્કુલમાં શીખતા હોય છે ત્યારે મજલીસના હુકમ મુજબ નોંધી લે છે, અને એ આગે મજલીસની ખાત્રી થતાંજ તેને કોમની સેવા માટે ચુંટી કાઢવામાં આવે છે. બીજા છોકરાઓ જેઓ કોઇપણ હુન્નર માટે કુદરતી વલણ ધરાવતા નથી તેઓને કુટુંબની સેવા માટે પસંદ કરવામાં આવે છે, અને તેઓને પાઠ-શાળાના પાચ વરસ પુરા કરયા પછી ખેતીવાડીની ખાસ શાળામાં મોકલવામાં આવે છે જેથી તેઓ પોતાના બાપને ખેતીના કામમા મદદગાર થઇ પડે અને તેઓને ત્રણ વરસ વેર ખેતીની તાલીમ આપવામાં આવે છે જે પછી તેઓ બાપની ખેતીના કામમાં સામેલ થાય છે.

હુન્નર ઉદ્યોગશાળામાં આવતા છોકરાઓને ત્રણ વરસ સુધી જે હુન્નર માટે તેઓ કુદરતી વલણ બતલાવતા હોય તે હુન્નર તેઓને શીખવવામાં આવે છે. એ ત્રણ વરસ દરમ્યાન જો એક છોકરો પોતાના હુન્નર માટે અદભુત શક્તિ અને કુશળતા બતાવતો હોય છે તો તેને તે હુન્નરની સંપુર્ણ તાલીમ લેવા અમેરીકા યા યુરોપ જયાં અમુક હુન્નર ઘણો આગલ વધેલો હોય ત્યાં મજલીસને ખર્ચે મોકલી આપવામા આવે છે, જયાંથી તાલીમ લઇ પાછા ફર્યા

પછી સંસ્થાનના શોધખોળ કરનારા ખાતા [Research Instituteમાં] તેને મોકલવામાં આવે છે કે જે આવા કુશળ [Experts] પુરૂષોનુંજ બનેલું હોય છે. અહીં તેઓ નવી શોધો કરવા પાછળજ મંડેલા રહે છે અને જે કાંઇ નવી શોધ તેઓને હાથ લાગે છે તે જરથોસ્તી સંસ્થાનને નામે મજલીસ તરફથી દુન્યામાં જાહેર કરવામાં આવે છે આવી ઘણી શોધને માટે દુનિઆ આ નાની નમુનેદાર પારસી કોમને આભારી છે. શોધ કરનારનું એક નાનું ઓઇલ પેન્ટીંગ ઘટતા લેખ સાથે મજલીસના કુશાદે હોલમાં ટાંગવામાં આવે છે. એ હોલમાં કોમના ભલા માટે યા કાંઇ શોધ માટે નામ કાઢેલા પુરૂષ સિવાય બીજા કોઇની સબીઓ મુકવાનો હોકમ નથી.

કોમની સેવા માટે જે બેટાઓને ચુંટી કાઢેલા હોય છે તેઓને હુન્નર ઉદ્યોગશાળામાં તાલીમ આપવા બાદ મજલીસને હસ્તક ચાલતાં કારખાનાંઓ-માંથી તેઓની જાતી વલણ અને રૂચી મુજબના અમુક કારખાનામાં કામે લગાડવામા આવે છે. આ કામ માટે તેઓને કાંઇપણ લવાજમ મળતો નથી, પણ કારખાનામાં બનાવવામાં આવતી ચીજ કોમના ઉપયોગ માટેજ કરવામા આવતી હોવાથી તે કામ કરતા છોકરાના કુટુંબને પુરી પડે એટલી આપ-વામા આવે છે. દાખલા તરીકે બુટના કારખાનામા કામ કરનારને બુટ, કાપડના કારખાનામાં કામ કરનારને કાપડ વગેરે કુટુંબને ચાલે એટલું આપવામાં આવે છે. બીજા કુટુંબો તે ચીજ વેચાતી લે છે

શહેરનાં તમામ કારખાનાંઓ મજલીસના તાબામાં હોવાથી તે કોમની મિલકત ગણાય છે. અને તેમાં વગર લવાજમે કામ કરનારા કોમના હિતેચ્છક બેટાઓ કહેવાય છે, તેઓને કોમના પુત્રો પણ કહેવામા આવે છે. સાત દાકેમો ગોયા કોમના થાંભલાઓ છે કે જેની ઉપર કોમ ઉસ્તવાર ઉભી રહેલી છે જેથી તેઓને કોમના સ્થંભ કહેવામા આવે છે. મજલીસના સાત દાકેમોથી ઉતરતું માન કોમની સેવા કરનારા પુત્રોને આપવામા આવે છે. બીજા બધા એઓથી ઉતરતો દરજ્જો ધરાવે છે. આખી કોમ એઓને અતી માનની નજરથી જોય છે. કારણ તેઓ સારી રીતે સમજે છે કે કોમની જરૂરીઆતની ચીજો પુરી પાડવી અને કોમનો મોભો વધારવો એ કામ તેઓનું હોવાથી કોમ તેઓની અતી આભારી છે.

આપણાં સંસ્થાનમાં વિજળીનો બહોળો ઉપયોગ કરવામાં આવે છે. તમામ કારખાનાંઓ વિજળીથીજ ચાલે છે દરેક કુટુંબના ઘેરમાં તેમજ

રસ્તાઓ પર વિજલીક બતીઓ બળે છે. દરેકને ઘેર ખાનું પણ વિજળીથીજ પાકે છે. કેરોસીન તેલ સંસ્થાનમા લાવવાની સખત મનાઇ છે. કોઇ વખત વિજળીના કારખાનામાં યા વિજળીના તારમા બગાડો થાય તે વખતે કુટુંબને ઘેર મુશકેલી નહી પડે એટલા માટે દરેક ઘરમાં મીણબતીઓ રાખવામાં આવે છે જે અડીબીડીએ કામ લાગે છે. વિજળી તમામ કુટુંબોને મફત પુરી પાડવામાં આવે છે. વળી વિજળીક બળથી ચાલતી ટ્રામ પણ સંસ્થાનમાં બધે પથરાઇ ગયલી છે.

મજલીસ હુસ્તક ચાલતાં કારખાનાંઓ.

આપણે ઉપર જોઇ ગયા તેમ સંસ્થાનમાં હુન્નરનાં તમામ કારખાનાંઓ મજલીસ તરફથીજ ચલાવવામાં આવે છે, અને કોમની સેવા માટે અર્પણ થયલા બેટાઓથીજ તે ચાલે છે. કોમ ઉપયોગી દરેક ચીજ સંસ્થાનનાં કારખાનાઓમાજ બનાવવામા આવે છે, અને હર સાલ તેમાં વધારોજ થતો જાય છે. મજલીસની મુખ્ય આવકજ કારખાનામાં બનતી ચીજોના વેચાણથી ઉપજે છે. દરેક ચીજ પહેલે કોમને પુરી પાડવામાં આવેછે, અને કોમની સેવા કરનારા બેટાઓની મેહનતના અવેજમાં તેના કુટુંબને તે ચીજ મફત આપવામાં આવે છે, પણ કોમને દરેક ચીજ પુરી પાડયા પછી બીજા દેશમાં લખો રૂપિયાનો માલ હર સાલ વેચાય છે, અને તેમાં સઉથી સરસ મજબુત અને ટકાઉ માલ માટે દુનિઆની મારકેટોમાં પારસી સંસ્થાનમાં બનતો માલ ઘણો વખણાય છે, અને મજબુતીના પ્રમાણમાં ભાવ પણ બીજા કરતાં વધુ ગણેલા છે કે જેથી દુનિઆમાં સઉથી સરસ માલ બનાવનારને ઉત્તેજન મળે. તમામ કારખાનાઓ છેલામાં છેલી શોધ પ્રમાણેના સુધારા વધારા સાથે ચલાવવામાં આવે છે એટલુંજ નહીં પણ સંસ્થાનના શોધખોળ કરનારા ખાતામાં ઘણીક શોધો અને સુધારો વધારો કરવામાં આવતો હોવાથી યુરોપ અને અમેરીકાના કારખાનાવાલાઓ પણ પોતાના કારખાનાઓમા તે દાખલ કરી લાભ ઉઠાવે છે. દુનિઆમાં થતી દરેક શોધથી મજલીસ પહેલે વાકેફ થાય છે, અને જો તેને માલમ પડે છે કે તે ચીજ કોમમાં દાખલ કરવાથી યાને કોમને તેનો ઉપયોગ કરવા દેવાથી કોમમાં અનઆરામીપણું, એશઆરામ તથા બીજી કાંઇ બદી દાખલ થવાનો સંભવ નથી તાજ તે ચીજનો ઉપયોગ કોમ તરફથી થવા દેવામા આવે છે.

ખેતીવાડીની શાળા (Agricultural School.)

સંસ્થાનના કુટુંબના જે બેટાઓને ખેતીના કામ માટે પોતાનાં બાપને મદદ કરવા માટે મજલીસ તરફથી પસંદ કરવામાં આવ્યા છે, તેઓને પાઠશાળાનાં પાંચ સાલ પુરાં કીધા પછી આ ખેતીવાડીની શાળામાં મોકલવામાં આવે છે. એઓમાંથી જેઓ ખેતીનાં કામ માટે અદભુત શક્તિ અને કુદરતી વલણ બતાવે છે તેઓને અમેરીકા મોકલવામાં આવે છે. ત્યાં ખેતીને લગતાં કામમાં જાતી અનુભવ લઇ કુશલતા મેળવ્યા પછી જ્યારે તેઓ પાછા ફરે છે ત્યારે તેઓને અખતરાના ખાતા Experimental Farmમાં રાખવામાં આવ છે, જ્યાં તેઓ અનેક પ્રકારના અખતરાઓ કરી નવાં ફળો તથા ઉત્તમમાં ઉત્તમ કીસમનાં ફળો ઉગાડવાની કોશેશ કરે છે. એઓને પણ કોમની સેવા માટેજ કામ કરવું પડે છે. બીજા છોકરાઓ જેઓ પોતાના બાપની ખેતીમાં કામ કરવા માટે ખેતીવાડીની શાળામાં શીખે છે તેઓને ત્યાં ત્રણ વરસ સુધી તાલીમ આપવામાં આવે છે. ત્યાં તેઓને ખેતીને લગતું દરેક પ્રકારનુ જ્ઞાન આપવામાં આવે છે, જમીન કેમ અને કયારે તૈયાર કરવી, ખાતર કેટલુ અને કયારે નાખવું, અમુક જાતનુ ખાતર કયા અનાજ અને ફળનાં ઝાડને વધારે અનુકુળ છે, હલકા કીસમના ફળના ઝાડોમાંથી ઉત્તમ જાતના ફળ કેમ પેદા કરી શકાય વગેરે વગેરે તમામ ઉપયોગી શિક્ષણ આપવામાં આવે છે. વળી છોકરાંઓના મનપર વધુ એમ ઠસાવવામા આવે છે કે તેઓના બાપદાદા જેવી રીતે ખેતી કરતા આવ્યા છે અને જે કીસમનો અનાજ, તરતરકારી તથા ફળ ઉત્પન્ન કરતા આવ્યા છે તેમ હમેશ સુધારો કરતા રહેવું, યાને વધુ ઉત્તમ જાતનો પાક ઉત્પન્ન કરવાની કોશેશ ચાલુ રાખવી અને કોઇ પણ સંજોગે ખેતીના પાકને હલકો અને નબળો થવા દેવા નહીં; વળી ખેતીવાડીની શાળા છોડયા પછી પણ ખેતીને લગતો અભ્યાસ ચાલુ રાખવો, તથા ખેતીને લગતા છેલ્લામાં છેલ્લાં સાહીત્ય વાંચવાની ફરજ તેઓ સમજે છે. ખેતીના કામમાં ઉત્તેજન આપવા દર સાલ ખેતીની પેદાયશની ચીજનું પ્રદર્શન ભરવામાં આવે છે, જે માટે દરેક કુટુંબ તરફથી ઉત્તમમાં ઉત્તમ પેદાયશ મોકલી આપવામાં આવે છે જે માટે મોટા મોટા ઇનામો રાખેલાં છે. આવી રીતે સંસ્થાનમાં ઉત્પન્ન થતો અનાજ, તરકારી, ફલ તથા બીજો પાક એટલો તો સરસ હોય છે કે તેની સાથે હિંદુસ્તાનમા ઉત્પન્ન થતો પાક સરખાવતી વખતે ત્યાંના લોકો હેરત થઈ જાય છે. સંસ્થાનના લોકોને ઉપલી

ચીજ પુરી પાડયા પછી બાકીની પેદાયશ હિંદુસ્તાન યા બીજા નજદીકના દેશો.માં મોકલવામાં આવે છે જ્યાં ઘણી મોંઘી કીમતે તે વેચાય છે. આથી લાખો રૂપીઆની આવક મજલીસને થાય છે.

આ ખેતીની શાળા સાથે એક ખાતું ખેતીના અખતરા માટે ખાસ રાખવામાં આવ્યું છે જ્યાં જાતી અનુભવથી છોકરાઓને ઘણું શીખવાનું મળે છે. દુનિઆના કોઇપણ ભાગમાં ઉત્પન્ન થતો અનાજ, તરકારી યા ફુલ એવું નહીં હશે કે જેની સાથે આ ખાતામાં પાકતો અનાજ તરકારી યા ફુલ બરોબરી કરી નહીં શકે. દુનિઆના કોઇપણ ભાગમાં ખેતીને લગતી નવી શોધ યા ઉત્તમ પ્રકારની પેદાયશની ખબર પડતાંજ બની શકે તો નમુના તરીકે સંસ્થાનમાં તે મોકલી આપવાની ગોઠવણ કરી રાખેલી હોય છે, અને જો તે નહીં આવી શકે તો તેનાં બીજ તો જરૂર મંગાવી તેને બોવામાં આવે છે. વળી અખતરા ખાતામાં ઉત્પન્ન થતી સઉથી ઉત્તમ પેદાયશનાં બીજ જાળવી રાખી સંસ્થાનમાં ફેલાવવાની કાળજી રાખવામાં આવે છે કે જેથી પાક વધુ સરસ નીકળતો રહે.

સંસ્થાનમાં વસતા કુટુંબના બેટાઓ માટે કોઇ પણ જાતનો હુન્નર તથા મન શક્તિ ખીલવવા માટે અનુકુલ સંજોગો મોજુદ હોવાથી કુદરતના કાનુન પ્રમાણે કુટુંબના અતી હુશીયાર અને ચચલ બેટાઓનો ગોયા 'જીનીયસ' નો જન્મ થવા માંડયો છે. જ્યાં ઉચા શક્તિ ખીલવવાનાં સાધન તથા સંજોગ નથી હોતાં ત્યાં હુશીયાર જીવોને જન્મ આપ્યાથી તેઓની હુશિઆરી તથા ઉંચી શક્તિઓ ખીલી શકતી નથી, એટલા માટે અનુકુળ સંજોગ અને જોઇતા સાધન વગર સાધારણ શક્તિના જીવોનોજ જન્મ થાય છે. જેવા સંજોગ એક કોમ યા દેશમાં હોય તેને અનુકુળ જીવો ત્યાં જન્મ લે છે.

સ્ત્રી કેળવણી.

કુટુંબના બેટાઓની માફક બેટીઓને પણ સાત વરસની ઉમર થતાંજ નવજોત કરી તેઓને કન્યા પાઠશાળામાં મોકલવી પડે છે. અહીં પાંચ સાલવેર છોકરીઓને શિક્ષણ આપવામાં આવે છે. બેટાઓ તથા બેટીઓનું શિક્ષણ પહેલાં પાચ વરસ સુધી એકજ કીસમનું હોય છે. કન્યાશાળામાં છોકરીઓની પણ કુદરતી વલણ તપાસવામાં આવે છે. અત્રે પાંચ સાલ છોકરાઓની માફક છોકરીઓને પણ શારીરિક, માનસિક તથા ધાર્મિક કેળવણી

આપવામા આવે છે. ધાર્મિક કેળવણીમાં નીતિને લગતું જ્ઞાન સમાઈ જાય છે. પાંચ સાલ પુરાં કરવે તેઓને 'સંસારિક શાળા' માં મોકલી આપવામાં આવે છે. અહીં તેઓને ત્રણ સાલ સુધી, યાને પંદર વરસની ઉમરનાં થાય ત્યાં સુધી સંસારને લગતું તમામ કામ શિખવવામાં આવે છે, શીવવું, ભરવું, ગુંથવું, રાંધવું, ઘેર રાખવું, સફાઇ જાળવવી, બચ્ચાં ઉછેરવાં વગેરે, વગેરે. જે છોકરીઓની કુદરતી વલણ ગાયન, ચિત્ર કળા શિખવાની કુશળતા યા વધુ ઉંચા જ્ઞાન માટે હોય છે તેઓને આ ત્રણ વરસ પુરાં કરવે 'કન્યા કોલેજ' માં મોકલવામાં આવે છે, જ્યાં તેઓને તેઓની વલણ પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવે છે જેઓની વલન બીજાને શિખવવાની હોય છે તેઓને શિક્ષકનું કામ શિખવવામાં આવે છે, જે પછી તેઓ કન્યા પાઠશાળામાં સ્ત્રી શિક્ષકનું કામ કરે છે. સ્ત્રી કેળવણીનું આખું ખાતું સ્ત્રી શિક્ષકોજ ચલાવે છે. 'કન્યા કોલેજ' મા ત્રણથી પાંચ સાલ રાખવામાં આવે છે. બેટીઓની શાદી અઢાર વરસની અંદર કરવાની સખ્ત મનાઇ છે

ઇનસાફની અદાલત.

આ પારસી સંસ્થાનમા ઇનસાફ મજલીસ તરફથીજ કરવામાં આવે છે. મજલીસમા બેસનાર સાત હાકેમોમાથી એકને ઇનસાફનું કામ સોંપવામાં આવેલું છે. કાયદા માટે કાંઇપણ કાનુન ઘડેલા નહી હોવાથી વકીલ બેરીસ્ટરોનું કામ હોતું નથી. કારણ વકીલ બેરીસ્ટરનો હેતુ પોતાના કુળને (પછી તે ખરો હોય યા ખોટો) જીતાવી આપવાનો હોવાથી ઇનસાફ મળી શકતો નથી, એવો વિચાર મજલીસ ધરાવે છે. પણ કુટુંબના જે બેટાઓની વલણ તકરારથી ખરૂ ખોટુ શોધી કાઢવાની હોય છે તેઓને ઉપલા હાકેમના હાથ નીચે મદદગાર તરીકે રાખવામાં આવે છે. આવા ઘણાક મદદગારો કોમની સેવા બજાવે છે કોઇપણ શખસ જ્યારે બીજા માટે ફર્યાદ લેઇ આવે છે ત્યારે બન્ને પક્ષકારો માટે અકેક મદદગારને મોકલી આપવામાં આવે છે. એઓનું કામ કોઈ પ્રકારે મિલનસાર અને કુનેહથી પુરતી જુસ્તેજો કરી ખરી બીના શું છે તે શોધી કાઢી ઇનસાફના હાકેમને સર્વે બાતમી પુરી પાડવાની હોય છે ઇનસાફ બધાને મફત મળે છે. કોઇને કાંઇપણ ખરચ કરવો પડતો નથી ઇનસાફના હાકેમ તથા તેના મદદગારોનું કામ કોણ શખસે અને કયા પ્રકારના ગુનાહ કીધો છે તે શોધી કાઢવાનું છે. ગુનાહ સાબેત થયા પછી ગુન્હેગારને સજા કરવામાં

આવતી નથી, પણ તેને સુધારવાના દરેક ઉપાય લેવામાં આવે છે. આવી રીતે ઇનસાફનું કામ ચોખું, સાદું અને સહેલ થઇ પડે છે, અને કાયદાના કાનુનની કાંઇ પણ અગત્ય જોવામાં આવતી નથી, એવા અદલ ઇનસાફ માટે કોમ મગરૂરી લેતી જણાય છે.

સુખશાંતી ખાતું (Sanitation.)

સંસ્થાનનું સુખશાંતી ખાતું નમુનેદાર માલુમ પડે છે. જ્યાં જોઇએ ત્યાંના રસ્તાઓ, બગીચાઓ, અને બંગલાઓ સ્વચ્છ અને સાફ જણાય છે. બદબો શું ચીજ છે તે સસ્થાનના લોકોને માલુમ હોય એવું લાગતું નથી, કારણ તેઓ સદા બગીચાના ફુલોની ખુશબો વચ્ચે રહેતા હોય છે છેલ્લામા છેલ્લી શોધ પ્રમાણે દરેક ઘરનો કચરો અને નજીસાતને દવાઇ (chemicals) નાખી ખાતરમાં બદલી નાખવામા આવે છે આ દવા સંસ્થાનનાજ કારખાનામાં બનાવવામા આવે છે, અને દરેક બગલામાં નલ મારફતે પ્રવાહી હાલતમા તે પુરી પાડવામાં આવે છે. દરેક બંગલાના કમ્પાઉન્ડમાં બગલાથી થોડેક દુર એકસો ફીટ લાબી, પાંચ ફીટ પહોળી અને પાંચ ફીટ ઉંડી જગા ખોદી ગટર તૈયાર કરવામાં આવે છે. આ સો ફીટ લાંબી ગટરનું બાંધકામ ઇંટ તથા સીમેટથી પાકું કરવામાં આવે છે, અને ઉપરથી તે બંધ કીધેલી હોય છે લંબાઇમાં એના ત્રણ ભાગ કીધેલા હોય છે. સંડાસનો તમામ નજીસાટ પાણીના જોસથી ધોવાઇ ગટરના પહેલા વિભાગમાં જઈ પડે છે. અહીંથી એનો અમુક જથ્થો બીજા વિભાગમા જઇ પડે છે અને તેજ વખત દવાઇનો નલ પોતાની મેળે ખુલી જઇ જોઇતા જથ્થામા તે દવા બીજા વિભાગમાં પડવા સાથેજ નલ પોતાની મેળે બંધ થઇ જાય છે. આ મિક્ષચર એક કલાકમાં વગર ગંદકીવાલા પ્રવાહીમાં બદલાઇ જાય છે, અને ત્યાંથી પોતાની મેળેજ ગટરના ત્રીજા વિભાગમા જઇ પડે છે. પહેલો તથા ત્રીજો વિભાગ બીજા વિભાગ કરતાં મોટો હોય છે. ત્રીજા વિભાગમાં પ્રવાહી જઇ પડતાંજ બીજા તથા ત્રીજા વચ્ચેનુ બારણું પોતાની મેળે બધ થઇ જાય છે, અને પહેલા તથા બીજા વચ્ચેનો માર્ગ ખુલ્લો થઇ જાય છે. જ્યાં સુધી બીજા વિભાગનું પ્રવાહી ત્રીજામાં ખાલી થાય નહીં ત્યાં સુધી પહેલા વિભાગમાં પ્રવાહી એકઠું થાય છે યાને બીજા વિભાગમાં જઇ શકતું નથી. ત્રીજા વિભાગનું ગંદકી વગરનું પ્રવાહી ખેતીમાં વપરાય છે. બગીચાના

સુકા કચરાને ખાડો ખોદી તેમાં ઉપરથી દવાઇનો ભુકો છાંટી ખાડો પુરી નાખવામાં આવે છે જે છ મહીના પછી સુકાં ખાતરમાં બદલાઇ જાય છે જે પણ ખેતીના કામમાંજ વાપરવામાં આવે છે.

હોસ્પીટલ.

સંસ્થાનના લોકો સાદી જીંદગી ગુજારતા હોવાથી તેઓમાં બીમારી જવલેજ નજરે પડે છે. બીમારીની વખતે તબીબને બોલાવવામાં આવે છે. તબીબો મજલીસ તરફથી રાખવામાં આવેલા હોય છે, અને તેઓનું કામ સ્કુલનાં છોકરાઓને મહીનામાં એક વખત તપાસવાનું તથા કોઇ કુટુંબને અગત્ય પડે તો તેને ત્યાં જઇ દવાદારૂ કરવાનું હોય છે. એ માટે તબીબને કુટુંબ તરફથી કશો લવાજમ આપવામાં આવતો નથી. જેઓની કુદરતી વલણ દવાદારૂ તરફ તથા માંદાની સારવાર કરવા તરફ હોય છે તેઓને તબીબી કોલેજમાં તાલીમ આપવામાં આવે છે જે પછી તેઓ તબીબ કહેવાય છે. સરવે દરદનું મુળ શોધી કાઢવાની તાલીમ હોસ્પીટલમાં આપવામાં આવે છે. અને દરદોના ઉપાય કરતાં દરદનુ મુળ શોધી કાઢવા પરજ વધુ ધ્યાન આપવામાં આવે છે, અને તે મુળ શોધી કાઢયા પછી પણ બીમારી દુર કરવાની કોશેશ કરવામાં આવતી નથી, પણ તે બીમારીનું કારણ દુર કરવામાં આવે છે, જે દુર થતાંજ બીમારી આપેઆપ નાસી જાય છે. કોઇ પણ પ્રકારની અંગ્રેજી દવાઓ વાપરવામાં આવતી નથી. પણ ખોરાક કસરત અને સ્વચ્છ હવા અને વિજળીથી સરવે દરદો સારાં કરવામાં આવે છે, અને જો દવાની અગત્ય હોય તો છાલાપાલામાંથીજ તે બનાવવામાં આવે છે. દવા માટે વપરાતા પાલાઓ અને ઝાડો ઘણી કાળજીથી ઉગાડવામાં આવે છે, અને તેનું ખાતું જુદુંજ રાખેલું છે. સંસ્થાનના તબીબો છાલાપાલાની દવાનું ઘણું બહોળું જ્ઞાન ધરાવતા હોય છે અને તરેહવાર દરદ માટે પોતાની ખાસ દવાઓ બનાવી રાખેલી હોય છે. એ દવાનો ઉપયોગ કોમમાં ઘણોજ થોડો થાય છે, કારણ કે કોમના શખસોની તનદોરોસ્તી ઘણી સારી જોવામાં આવે છે, પણ મોટા જથ્થામાં તેઓની દવાઓ હિંદુસ્તાનમાં ખપે છે કે જયાના લોકો અનીતિવાન અને હવસી જીંદગી ગુજારતા હોવાથી તેઓને દવાની ઘણી અગત્ય પડે છે. દવાના વેચાણથી મજલીસને મોટી આવક થાય છે.

જાહેર તહેવારો.

મજલીસના સાત જ્ઞાની અશો, અને દુરઅંદેશ હાકેમોની જાતી દેખરેખ હેઠળ સંસ્થાનમાં વસતી પારસી કોમ, નીતિ, ધર્મ અને જ્ઞાનમાં થોડા સાલમાં ઘણી આગળ વધેલી જણાય છે, કારણ કુટુંબો એક બીજા સાથે મહોબતભરી સુખી જીંદગી ગુજારે છે. તહેવારોને દિવસે મજલીસ તરફથી જાહેર જશ્ન કરવામાં આવે છે જેમાં આખી કોમ સ્ત્રી પુરૂષો સાથે પુર ભક્તિથી ભાગ લેવાને સામેલ થાય છે. એ મેલાવડામાં જશ્ન પુરૂં થયા પછી ઘણીક બોધકારક વાએજો મજલીસના વડા હાકેમ તરફથી આપવામાં આવે છે એક દિવસ વાએજ કરતાં તેમણે કહ્યું કે પાક પરવરદિગારના હુકમથી આપણો આ નાનો ટોળો થોડા સાલમાં દરેક બાબદમાં આગલ વધ્યો છે, અને નીતિ સદગુણ અને જ્ઞાનમા અમો ધારતા હતા તેના કરતાં પણ કોમે વધુ તરક્કી કીધી છે. જે માટે તે બારેહકતાલાનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે; પણ એક બાબતમાં હજી આપણે પછાત રહેલા છીએ, અને તે એ કે આપણા પુરાતન જરથોસ્તી ધર્મનું શિક્ષણ કે જે આપણુ રાજ જવા સાથે તદન નાબુદ થઇ ગયું છે તે આપણે ફરી મેળવી શકયા નથી. પણ મને એવી બસારત થાય છે કે આપણો ટોળો અશોઇથી પોતાની જીંદગી ગુજારતો હોવાથી જો આખી કોમ ખરા ભકિતભાવથી હોરમઝદની સ્તુતિ કરી આજુજી કરે તો ખોવાઇ ગયેલું મીનોઇ જ્ઞાન પણ આપણે મેળવી શકીશું. એટલા માટે હું તમો સર્વેને વિનતિ કરૂં છું કે ટોળાના દરેક સ્ત્રી પુરૂષોએ સવારની બંદગી કરવા બાદ ખરા અંતઃકરણથી ધર્મનુ ખરૂં જ્ઞાન પાછુ મેળવવા માટે પાકપરવરદિગારને અરજ કરવી આ સખુનો સાંભળી આખી કોમે આ અરજ ઉપાડી લીધી, અને તેઓની નેક મનશાનીની બરકતથી એક સાલમાં એક છુપા જરથોસ્તી ટોળાનું ત્યાં આવવું થયું. આ છુપા ટોળાના વડા ઉસ્તાદે ધર્મને અસલ હાલતમાં સજીવન કીધો. તેવણે તમામ ક્રિયાઓ પુરાતન રીતી મુજબ પુર ગંભીરતાથી કરી બતલાવી તેની અસર આખી અનજુમન ઉપર એટલા મજબુત થવા પામી કે દરેક સ્ત્રી પુરૂષ ક્રિયાની ચમત્કારિક અસરથી છક થઇ ગયા, અને જ્યારે જરથોસ્તી ધર્મના મીનોઇ શિક્ષણથી વાકેફ થયા કે જે ઉસ્તાદના કહેવા પ્રમાણે જરથોસ્તી ધર્મનો ગોયા જીવ હતો, ત્યારે કોમમાં જરથોસ્તી ધર્મ માટે એટલા તો ઉમદા ખ્યાલો

તથા ભક્તિ પેદા થઇ કે એ માટે પોતાનો પ્યારો જીવ પણ અર્પણ કરવાને તેઓ તૈયાર થયા. કારણ દરેકની ખાત્રી થઇ કે જે શિક્ષણ મુંબાઇથી સાથે લાવેલી તમામ ધર્મની કેતાબોમાં જોવામાં આવે છે અને જેવાં રીતે ધર્મની ક્રિયાઓ મોબેદો અને દસ્તુરો કરે છે તે છુપા ટોળા તરફથી મળેલુ અસલ શિક્ષણ તથા તેઓએ કરી દેખાડેલી અસલ ક્રિયાઓ સાથે સરખાવતાં ઘર પુછડાં વગરનું ગુચળું છે, ગોયા જીવ વગરનું કાલબુદ છે, ગોયા માવો નીકલી ગયેલું કોટલું છે, કે જેને અજ્ઞાનપણામાં અહંકાર આવી જવાથી જ્ઞાનથી ભરપુર ઉમદા શિક્ષણ તરીકે માની લેવામાં આવ્યું છે, અને જેમ એક પાયમાલ થએલા મોટા શહેરનાં પડી ભાગેલાં ખંડીયરમાં વસતો એક શખસ કે જેને તે શહેરની હજારો વરસ પહેલાની બુલંદી અને જાહોજલાલી સમજેલી હોવાથી પણ કોઇ દિવસ ખંડીયર છોડી બીજા શહેરની રોનક જોયેલી નહીં હોવાથી પડી ભાંગેલાં ખંડીયરની જાબજા તારીફ કરતો રહે છે અને દુનિઆના તમામ શહેરોમાં સઉથી શ્રેષ્ટ શહેર તરીકે માની લે છે, અને પોતાની ભુલ જોવા માટે બીજાઓના સમજાવ્યાં છતાં બીજાં શહેરોમાં ફરતો નથી, તેવીજ રીતે નાશ પામેલા કટકાબુકલા થયલા જરથોસ્તી ધર્મમા હાલ જન્મ લીધેલા પારસીઓ ધર્મની પુરાતન જાહોજલાલી સાંભળેલી ન હોવાથી, પણ કોઇ કાલે બીજા હાલના ધર્મોનું શિક્ષણ જોયલું નહીં હોવાથી, જીવ નીકળી ગયલા ધર્મના કાલબુદની જાબજા તારીફ કરી તેને દુનિઆમાં હાલ મોજુદ ધાર્મિક શિક્ષણોમાં સર્વોત્તમ સમજે છે, અને એટલા માટે અસલ શિક્ષણ મેળવવાની એક લેશભાર પણ દરકાર યા કોશેશ કરતા નથી.

ધર્મ સબંધી હાલની નાઠી હાલત વિષે કોમની ખાત્રી કીધા પછી પેલા છુપા ટોલના ઉસ્તાદ તરફથી ધર્મનું અસલ શિક્ષણ આપવામાં આવ્યું, અને હાલના જમાનાને અનુકુળ રીતે નવા સ્વરૂપમા તેને કોમમાં ચાલુ કીધુ. ધર્મ સબંધી નવાં કીમતી લખાણો છપાવવામાં આવ્યાં, અને તે ચોપડીઓ કોમના તમામ કુટુંબોને મફત આપવામાં આવી. આ નવી અને જુની ચોપડીઓમાં સમાયલા શિક્ષણથી કોમમાં ગુચવાડો નહીં પેદા થાય એટલા માટે જુની કીતાબો તમામ કુટુંબોને ઘેરથી મંગાવી લઇ તેને બાળી નાખવામાં આવી, રોજમાહની ખોટી ગણત્રી પણ સુધારવામાં આવી.

જેથી યજદ અમેસાસપંદોની અસર તેના અમુક રોજે જેવી થવી જોઇએ તેમ થવા લાગી આથી કોમને તેની ધાર્મિક તરક્કીમાં અત્યંત ફાયદો થયો, અને પુરાનો જરથોસ્તી ધર્મ તેના પુરે તેજ અને દમામ સાથ પાછો ઝલકવા લાગ્યો.

એક દિવસ છુપા ટોળાના વડા ઉસતાદ વાએજ કરતા બોલવા લાગ્યા કે યુનાન, રૂમ તથા મીસર દેશના ધર્મોની મફક જરથોસ્તી ધર્મ પણ સદીઓ આગમજનો નાબુદ થયો હતે, પણ ચોક્કસ કારણસર એ ધર્મના લોકોને ઘણીક હડમારી તથા આફતોમાંથી બચાવી સજીવન રાખેલો છે, અને ધર્મને છુપા ટોળા મારફતે બચાવી રાખવામાં આવ્યો છે, એ સબબ કાંઇ ધર્મની બુલંદી નથી, કારણ દરેક ધર્મનું મુળ એક હોવાથી દરેક ધર્મ તેની અસલ હાલતમાં બુલંદ હોવોજ જોઇએ. જોકે મોટે ભાગે બીજા શહેરોના અજ્ઞાન પારસીઓ બીજા ધર્મોમાં બચી ગયલા ઝવાહેર તરફ તુચ્છકારથી જોઇ, બાજ વગરનાં ધાર્મિક કોટલાંમાં મગરૂરી લે છે, પણ એજ ગર્વ તેઓનાં નાશની નીશાની છે. મુદીબર જરથોસ્તીઓને ઇરાન અને હિંદુસ્તાનમાં સાચવી રાખવાનો સબબ જુદો છે. એ સબબ હાલની પાંચમી આર્યન પ્રજામાંથી નવી છઠી પ્રજા ઉત્પન્ન કરતી વખતે તેમાં ઇરાન્યન ટોળાનું લોહી આમેજ કરવાનું છે. આર્યન પ્રજાની આગમજની એટલાન્ટીયન પ્રજા કે જેની મગોલીયન ઉપ પ્રજા તરીકે ચીના, જેપાનીઝ અને ટીબેટીયન વગેરે બુદ્ધીસ્ટ ધર્મ પાળનારાઓ જોવામાં આવે છે તે એટલાન્ટીયન પ્રજાનાં સહુથી સરસ અને નેક કુટુંબોમાંથી આર્યન પ્રજા ઉત્પન્ન કરવામાં આવી હતી, અને જેમ એટલાન્ટીયન પ્રજાના લોકો કરતાં આર્યન પ્રજાના લોકો ઘટમમા જ્ઞાનમાં તથા બીજી ઘણીક રીતે ચઢીયાતા છે તેવીજ રીતે આર્યન પ્રજાના ઉત્તમ કુટુંબોમાંથી નવી છઠી પ્રજાને ઉત્પન્ન કરવામાં આવનાર છે, કે જે નવી પ્રજા ચેહરાના ઘાટઘટમમાં તથા બીજી ઘણીક રીતે આર્યન પ્રજા કરતાં વધુ ચઢીયાતી થવાની છે. આ નવી પ્રજાની ઉત્પત્તિ માટે આર્યન પ્રજાની ઉપપ્રજા જેવી કે હિંદુ, મુસલમાન, ક્રિશ્ચ્યન તથા અસલી ઇરાનીયન (પારસી)માંથી ઉત્તમ કુટુબોને ચુંટી કાઢી એક મહાન અશો-પુરૂષની દેખરેખ તથા હુકમ મુજબ એ કુટુબના લોકોને એક બીજામાં પરણાવી તેઓના લોહીના મિશ્રણમાંથી આ નવી છઠી પ્રજા ઉત્પન્ન કરવામાં આવનાર છે. કુદરતના આ મહાભારત કામ માટે પારસી ટોળામાંથી આ નવા સંસ્થાનમાં સ્વચ્છ ટોળું ઉત્પન્ન કરવામાં આવ્યું છે

કે જે ટોળાના ભલા, ધાર્મિક, નીતિવાન અને તનદોરસ્ત કુટુંબોને નવી પ્રજાની ઉત્પત્તિ માટે પસંદ કરવામાં આવનાર છે. પારસી ટોળામાંથી જેમ નેક કુટુંબોને આ સંસ્થાનમાં જુદા પાડવામાં આવ્યા છે તેમ આર્યન પ્રજાની બીજી ઉપપ્રજાઓ, હિંદુ, મુસલમાન તથ ક્રિસ્ચ્યન ટોળામાંથી પણ નેક ખાલેસ કુટુંબોને જુદા કરવાનું મહાભારત કામ દુન્યાના બીજા ભાગોમાં ચાલી રહ્યું છે. એ કામ પુરૂં થતાંજ જુદા જુદા ધર્મોનાં આ બધા ખાલેસ કુટુંબોને સાથે ભેગાં કરી સ્યાદી મારફતે તેઓના સ્વચ્છ લોહીનાં મીશ્રણથી નવી છઠી પ્રજા ઉત્પન્ન થવાનું કામ શરૂ થનાર છે. જેમ એક નેક ટોળાનું લોહી જાળવી રાખવા માટે બીજા હલકા ટોળાના કુટુંબોમાં સ્યાદી કરતા અટકાવવાની જેટલી જરૂર છે. તેટલીજ જરૂર જુદી જુદી ખાસ્યતો ધરાવનારા નેક ટોળામાંથી બધી ભલી ખાસ્યતો ધરાવનાર વધુ ઉત્તમ ખાસ્યતવાળું નવું ટોળું ઉત્પન્ન કરવા માટે વિવેક બુદ્ધિથી તેઓ વચ્ચે સ્યાદી કરાવવાની છે. ચોક્કસ સંજોગો વચ્ચે જે કાંઇ અમુક ચીજ કરવાની મના કરવામાં આવી હોય તે ચીજ સંજોગ બદલાઇ જતે કરવાની જરૂર પડે છે. માટે ધર્મનું જે અમુક ફરમાન ચોક્કસ સંજોગો વચ્ચે આપવામાં આવ્યું હોય તે ફરમાન સંજોગ બદલાઇ જતે ફેરવવું પડે છે, અને અનુકુલ સંજોગ આવતે ઘટતો ફેરફાર કરવામાંજ દુરઅંદેશી સમાયલી છે. એક હાથ પર જ્યારે લોકો ધર્મના અમુક ફરમાનની ચોક્કસ અગત્ય અને સબબ નહી સમજતે તેને અજ્ઞાનપણામાં તુચ્છકારથી ફેંકી દે છે, ત્યારે બીજા હાથ ઉપર સંજોગ બદલાયાથી તે અમુક ફરમાનની અગત્ય અને સબબ દુર થવા છતાં ગટાપરચા માફક તેને વળગી રહે છે. આ બન્ને પ્રકારના લોકો અવિવેકી અને અજ્ઞાન છે.

જેમ જેમ પારસી સંસ્થાનની તારીફ મુબઇના તથા દેશાવરોના જરથોસ્તીઓના કાને પડતી ગઇ તથા જેમ જેમ જરથોસ્તીઓ પારસી સંસ્થાનની મુલાકાતે આવ્યાથી તેઓની ભલી સુખવાસી જીંદગી તથા નેકી નજરોનજર જોવાથી તેઓની ખાત્રી થતી ગઇ તેમ તેમ તેઓ પણ સંસ્થાનમાં જઇ વસવા લાગ્યા. આવી રીતે જે કુટુંબોમાં ધર્મની દાઝ હતી તથા નેકી અને નીતિને પસંદ કરનાર હતા તે સર્વે કુટુંબો પોતનું વતન છોડી પારસી સંસ્થાનમાં જઇ વસ્યા, અને ત્યાંના કુટુંબોના સમાગમમાં આવી આબાદીથી જીંદગી ગુજારવા લાગ્યા. પણ બીજા હાથ ઉપર મુંબઇના બાકી રહેલા પારસી